# ખેડબ્રહ્મા બેઠક પર અપક્ષો રાજકીય સમીકરણો બદલશે

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્મા તાલુકાની વિધાનસભા ચુંટણી નેલઇ મેદાન મા ઉતરેલા અપક્ષ ઉમેદવાર તેમજ અન્ય રાષ્ટ્ર રાજકીય પક્ષો અને રાષ્ટ્ર સિવાયના રાજકીય પક્ષોના ઉમેદવાર વારોને લઇ ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોને ગુગળામણ ઉભી થવા પામી છે સ્થાનિક સમાજ સમાજના અગ્રણી ઓ મેદાનમાં છે જ્યારે ક્યા પક્ષને ફાયદો થશે અને કયાં પ્રક્ષે નુકસાન પડશે તેનો હીસાબ કરવા બંન્ને પક્ષના ઉમેદવાર હોદેદારો કામે લાગી ગયા છે ભાજપ કોંગ્રેસના અમુક માણસો અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી છે. જેથી એક સોચી સમજેલી જુની રાજકીય રમત હોઇ શકે છે તેવી ચર્ચાના વંટોળો ઉભા થવા પામ્યા છે ત્યારે મતદારો પણ મુજવણમાં મુકાયા છે ખેડબ્રહ્મા તાલુકાના પોશીના તાલુકાના વીજય નગર તાલુકાના મોટાભાગના આદીવાસી સમાજનું પ્રભુત્વ ધરાવતા હોય માટે આ સમાજ કોના ખોળામાં વિજયનો કોળીયોનાખસે એ અવઢમાં બંન્ને પક્ષ માટે મુજવણમા અનુભવી રહ્યા છે આ બેઠક પર ઠાકોર સમાજના મતો નિર્ણાયક સાબિત થઈ સકે છે શહેરના લેવલે સત્તા ધારી પક્ષ ને વિજય અપાવે તો નવાઈ નઈ નહીં.

# અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં પલટાથી ખેડૂતો ચિંતિત

મોડાસા, તા. ૩

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે બંગાળની ખાડીમાં ઓખી નામના વાવાઝોડાએ ભારે હાહાકાર મચાવ્યા બાદ ગુજરાત તરફ આગળ વધતા સમગ્ર રાજ્ય સહીત અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં ભારે પલટો આવતા આકાશે વાદળો છવાતા માવઠાની દહેશત પેદા થતા ખેડૂતો ચિંતિત બન્યા છે જિલ્લામાં શિયાળો હજુ જમાવટ કરી શક્યો નથી પરંતુ રવિવારે સવારથીજ વાદળો ઘેરાતા ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે.

અરવલ્લી જિલ્લામાં શિયાળાની સીઝનમાં હજુ વાતાવરણ માં ઠંડી જામી નથી રવિવારે વાતાવરણમાં આવેલા એકાએક પલટાથી આકાશમાં વાદળો છવાતા માવઠાની દહેશત પેદા થતા માવઠું થવાની સંભાવના સાથે હવામાન વિભાગે છુટા છવાયા વરસાદની સંભાવના હોવાનું જણાવતા ખેડૂતોએ રવિ પાકની ખેતી ની શરૂઆત સાથે ખેતરોમાં રાયડો, કપાસ અને શિયાળુ મકાઈ જેવા પાક હજુ ઉભા હોવાથી ખેડૂતોને ફટકો પાડવાની ભીતિ થી ચિંતિત બન્યા છે છેલ્લા કેટલાકે વર્ષોથી ઋતુચક્ર ખોરંભે પડ્યું હોય તેવો અનુભવ દરેક ઋતુમાં જોવા મળે છે જંગલો સહીત શહેરો અને ગામડાઓમાં વિકાસના નામે આડેધડ લીલા વૃક્ષોનું નિકંદ કાઢી નાખતા પર્યાવરણ અસંતુલિત બનતા વાતાવરણમાં વારંવાર કલાઈમેટ ચેન્જ સહીતની સમસ્યાઓ દેશમાં જોવા મળી રહી છે.



# પ્રાંતિજના મજરા પાસે મારૂતિ વાન પલટી ખાઈ જતા યુવકનું ઘટના સ્થળે મોત

## શરીરે તથા માથાના ભાગે ઇજાઓ પહોચતા સારવાર મળે તે પહેલાં રાજસ્થાનના યુવકનું મોત




પ્રાંતિજ, તા.૩

સાબરકાંઠા જિલ્લાનાં અમદાવાદ- હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના મજરા ચોકડી ખાતે રાત્રીના સમયે રાજસ્થાન તરફથી અમદાવાદ તરફ જતી મારૂતિ વાન ને કોઇ અજાણ્યા વાહન ચાલકે ટકકર મારતાં મારૂતિ કાર ત્રણ ચાર પલટીખાઇ જતાં વાન માં સવાર રાજસ્થાનના યુવકનું ઘટના સ્થળે કમકમાટીભર્યુ મોત થયું.

પ્રાંતિજ પોલિસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના મજરા ચોકડી ઉપર રાત્રીનાં સમયે રાજસ્થાન તરફથી અમદાવાદ તરફ જતી મારૂતિ કાર નંબર GJ1KM 531 ને કોઇ અજાણ્યા વાહન ચાલકે અડફટે લેતાં મારૂતિ વાન બે ત્રણ પલટીખાઇ જઇ હતી તો વાનમાં સવાર પાંચમાંથી કાળુલાલ શંભુલાલ ધોબી ઉ.વર્ષ- ૨૭ રહે પઠોલી જિ.ચિતોડ રાજસ્થાન તેવો ને શરીરે તથા માથાનાં ભાગે ઇજાઓ પહોચતા તેવોનું ઘટના સ્થળે કમકમાટીભર્યુ મોત નિપજયું હતું તો અકસ્માત અંગેની પોલિસને જાણ કરતાં પોલિસે મુતક કાળુલાલને પ્રાંતિજ સિવિલ ખાતે પી.એમ અર્થે ખસેડવામાં આવ્યો હતો તો પોલિસ ફરીયાદ કરતાં પોલિસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનોનોધી આગળ ની કાર્યવાહી હાથધરી છે.

## ધોળકામાં શૈક્ષણિક સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ધોળકા, તા. ૩

અમદાવાદ જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ આયોજિત સ્નેહમિલન કાર્યક્રમ ધોળકા પાસે કલિકુંડમાં યોજાયો હતો.

શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ આચાર્ય સંઘ, શાળા સંચાલક મંડળના નારણભાઈ પટેલ, અભેસંગભાઈ રાઠોડ, માધ્યમિક શિક્ષક સંઘના રમેશભાઈ, સરસ્વતી કન્યા વિદ્યાલયના પ્રમુખ અરૂણભાઈ ઓઝા તથા અનેક મહાનુભાવોની હાજરીમાં યોજાયો હતો.

## કૌકા ગામે બજરંગદાસ બાપાની મઢુલીનો સ્થાપના દિવસ ઉજવાયો

ધોળકા, તા. ૩

ધોળકુ તાલુકાના કૌકા ગામમાં સંત શિરોમણી બજરંગદાસ બાપાની મઢુલીએ ૧૮મો સ્થાપના દિવસ દર વર્ષની જેમ દબદબાપૂર્વક યોજાયો. જેમાં યજ્ઞ, મહાપ્રસાદ તથા સંતવાણી તથા ભજનનો કાર્યક્રમ યોજાયેલ હતો.




## વાવ ખાતે ભાજપાના ચૂંટણી કાર્યાલયનો શુભારંભ

સરહદી વાવ મતવિસ્તારના ઉમેદવાર શંકરભાઈ ચૌધરીના વાવ ખાતેના ચૂંટણી કાર્યાલયનો ગતરોજ શુભારંભ કરવામાં આવ્યો હતો. જે પ્રસંગે ઉપસ્થિત વિશાળ મેદનીને સંબોધતા રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે વાવ બેઠક પર વિકાસની ગાડી સડસડાટ ચાલી રહી છે. વાવ વિસ્તારની ગતીને તેજ કરવાની ખાતરી આપતાં તેમણે જણાવ્યું હતું કે, વાવ વિસ્તારના વિકાસના ગ્રાફને હું હરહંમેશા ઉંચો રાખીશ. આ પ્રસંગે શંકરભાઈનું વિવિધ ૩૬ કોમના લોકોએ ખેશ પહેરાવીને સ્વાગત કરતાં શંકરભાઈની આંખમાં હર્ષના આંસુ સરી પડ્યા હતા. જ્યારે ઉપસ્થિત વિશાળ મેદનીએ 'શંકરભાઈ તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ'ના નારાથી વાતાવરણને ગુંજવી દીધુ હતુ. શાસ્ત્રી નવિનભાઈ ત્રિવેદીએ શાસ્ત્રોક્ત વિધિ અને મંત્રોચ્ચાર સાથે શંકરભાઈને વિજય તીલક કરી આશીર્વાદ આપ્યા હતા.

## સાબરકાંઠા કો.ઓપ. બેંક મોબાઈલ બેંકીંગ સુવિધાની પ્રથમ સહકારી બેંક બની

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ કો.ઓપ. બેંકમાં ભારત સરકારના ડીઝીટલ ઈન્ડીયાના કાર્યક્રમ હેઠળ ગ્રાહકો પોતાના રજીસ્ટર મોબાઈલ ઉપર ડીઝીટલ ટ્રાન્ઝેક્શન કરી શકે તે માટે મોબાઈલ બેંકિંગ સુવિધાનો પ્રારંભ કરવામાં આવેલ છે.

સૌ પ્રથમ ગ્રાહકે જે શાખામાં ખાતુ હોય ત્યાં અરજી ફોર્મમાં વિગતો આપવાની રહેશે. ત્યારબાદ મોબાઈલ એપ્લીકેશન એક્ટીવ કરવાની રહેશે. તેમાં એકાઉન્ટ નંબર નાખી મોબાઈલ નંબર નાખી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ત્યારબાદ ગ્રાહકે ટ્રાન્ઝેક્શન પીન જનરેટ કરવાની રહેશે.

આ સુવિધાથી ગ્રામક્ષેત્રે ખેડૂતો બેંકિંગ સેવાથી વંચીતો, નાના વેપારીઓને ખાનગી બેંકો જેવી સુવિધા મળશે. ગ્રામક્ષેત્રે ડીઝીટલ વ્યવહારો વધશે. ગ્રાહકોએ ડીઝીટલ સેવા લેતી વખતે અન્ય કોઈને ટ્રાન્ઝેક્શન પીન નંબર આપવો નહિ.

# અલ્પેશ દ્વારા યુવતીને ૫૦૦ અપાતા વિવાદ

અમદાવાદ, તા.૩

કોંગ્રેસના રાધનપુર બેઠકના ઉમેદવાર અલ્પેશ ઠાકોર ફરી એક વખત વિવાદમાં ફસાઈ ગયા છે આ વખતે ભાજપ દ્વારા એવો આક્ષેપ કરવામા આવ્યો છે કે, આચારસંહિતાનો અમલ હાલ ચાલુ હોવાછતાં તેણે યુવતીને જાહેરમાં ૫૦૦ રૂપિયા આપ્યા હતા.આ ઘટના અંગે મળતી માહિતી પ્રમાણે,એક જાહેરસભા દરમિયાન અલ્પેશ દ્વારા યુવતીને જાહેરસભામા ૫૦૦ રૂપિયા આપવામા આવ્યા હોવાનો આક્ષેપ કરવામા આવ્યો છે.સાંતલપુર તાલુકામા પ્રચાર કરી રહેલા અલ્પેશ ઠાકોર દ્વારા ચાંલ્લો કરવા આવેલી યુવતીને ૫૦૦ રૂપિયાની નોટ ખિસ્સામાંથી કાઢીને આપી હોવાનો વિડિયો પણ વાયરલ કરવામા આવ્યો છે.જો કે અલ્પેશ દ્વારા માત્ર એક જ યુવતીને રૂપિયા આપવામા આવ્યા હતા.આ ઉપરાંત અલ્પેશ ઉપર એક બીજો પણ આરોપ મુકવામા આવ્યો છે કે જેમાં તેના દ્વારા શાળાના બાળકોને કોંગ્રેસના ખેસ પહેરાવાનો આક્ષેપ કરવામા આવ્યો છે.કેન્દ્ર ચૂંટણીપંચની ટીમ ગુજરાતની મુલાકાતે છે એવા સમયે પંચ અલ્પેશ સામે કેવા પ્રકારની કાર્યવાહી કરવામા આવે છે એ જોવુ રહ્યું.






## પાલનપુર વિધાનસભા બેઠક પર ભાજપનો પદયાત્રા લોકસંપકે કોંગ્રેસની ઊંઘ હરામ કરી

પાલનપુર વિધાનસભા બેઠક ના ભાજપના ઉમેદવાર લાલજીભાઈ પ્રજાપતિ એ પાતાળેશ્વર મહાદેવના દર્શન કરી પાલનપુર શહેરમાં લોકસંપર્ક પદયાત્રા ની શરૂઆત કરી હતી.પાતાળેશ્વર મહાદેવ મંદિરથી પ્રસ્થાન થયેલી લોકસંપર્ક પદયાત્રા શહેરના રેલ્વે સ્ટેશન, શાક માર્કેટ, નગરપાલિકા, આરોગ્યધામ, દિલ્હીગેટ, સીમલાગેટ, અમીરરોડ, સીટી લાઈટ રોડ, ગુરુનાનક ચોક ના માર્ગો પર લોકસંપર્ક પદયાત્રામાં ઠેર-ઠેર ભાજપના ઉમેદવાર લાલજીભાઈ પ્રજાપતિ નું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ લોકસંપર્ક પદયાત્રામાં મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી. પાલનપુર શાકમાર્કેટ નજીક પાલનપુર માળી સમાજના આગેવાનોએ ભાજપના ઉમેદવાર લાલજીભાઈ પ્રજાપતિ નું સ્વાગત કર્યું હતું. બાદમાં પાલનપુર શહેરના દિલ્હીગેટ વિસ્તારમાં વેપારીઓ અને જ્યંતિભાઈ ઠક્કર પરિવાર દ્વારા ભાજપના ઉમેદવાર લાલજીભાઈ પ્રજાપતિ નું ૧૦૦ કિલો ગોળ થી વિશાળ વજનકાંટા માં તોળવામાં આવ્યા હતા.ઉમેદવાર લાલજીભાઈ દ્વારા શહેરના દિલ્હીગેટ ચોક માં સ્વામી વિવેકાનંદ અને સીમલાગેટ ચોકમાં બાબાસાહેબ આંબેડકર ના બાવલા ને ફુલહાર પણ કર્યા હતા. ભાજપના અપરિચિત ચહેરાને શહેરીજનો નો અદભુત પ્રતિસાદ મળતા પાલનપુર વિધાનસભા બેઠકના ઉમેદવાર લાલજીભાઈ પ્રજાપતિએ પણ પાલનપુર વાસીઓનો હદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## ખૂંચે છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પહેલેથી કોંગ્રેસને ઓળખી ગયા છે અને હવે ઉત્તરપ્રદેશના લોકો પણ ઓળખી ગયા છે. કોંગ્રેસ વાર-તહેવારે રંગ બદલે છે. કોંગ્રેસ માત્ર સંપ્રદાયોને અંદરો-અંદર લડાવવાનું કામ કર્યું, લોકોને લડાવીને કોંગ્રેસ મલાઈ ખાય છે. ભરૂચમાં સૌથી વધારે મુસ્લિમ આબાદી છે. ભાજપના રાજમાં જે બે જિલ્લા સૌથી ઝડપથી આગળ વધ્યા એ છે કચ્છ અને ભરૂચ. કારણ વિકાસ એ જ અમારો માર્ગ છે. રાજીવ ગાંધી અહીં આવીને કહેતા કે, અમે અહીંના દિકરા છીએ. ઈન્દિરા ગાંધી કહેતા કે, હું અહીંની વહુ છે. હવે એમના લોકો આવે ત્યારે પણ આવા જ મમરા મુકતા જાય છે. બનાસકાંઠામાં ગામના ગામ ડૂબ્યા, પરંતુ જનતાનું વિચાર્યા વગર બેંગ્લોર જઈને બેઠા હતા. એ લોકો ભરૂચનું પણ ભલુ કરી શક્યા નહોતા. નર્મદા પર બ્રિજ બનાવવાનું કામ નહોતા કરી શક્યા. કોંગ્રેસીઓએ જે કર્યું છે, એ મારે નથી બોલવું. બિચારા મુસીબતમાં પડશે, આમ પણ એમને કોઈ બોલાવતું નથી. એમણે પરાણે હસવું પડે છે. દુઃખિયારાને દુઃખી કરવા આપણો સ્વભાવ નથી.

જાપાન અહીંથી લોખંડ, સિમેન્ટ ખરીદશે, મજૂરી જાપાન આપશે, વકરો એટલો નફો આપણને મળશે. એ લોકોને પેટમાં દુઃખે છે, કારણ કે તમારા વખતે પણ બૂલેટ ટ્રેનની જાહેરાત પીએમ મનમોહન સિંહે કરી હતી. પરંતુ જાપાન સાથે એમની વાત આગળ ન વધી શકી, જાપાનની લોન પરવડે એમ નહોતી. અહીં અમે મફતના ભાવે લોન લઈ કામ પણ ચાલુ કરી દીધું. વિકાસ કઈ રીતે કરવો એ આવડતું નથી. બૂલેટ ટ્રેનનો ફાયદો ભરૂચને પણ મળશે. કોંગ્રેસે ૭૦ વર્ષ જાતિવાદ, પરિવારવાદમાં વેડફી નાંખ્યા. હવે કોંગ્રેસ વિકાસના કામમાં ક્યાંય પડકાર ઊભો કરી શકે એમ નથી. તમારા આશીર્વાદ એ જ મારી તાકાત છે.

પહેલા ભરૂચમાં સલામતી હતી? ભરૂચ જિલ્લો કરફ્યૂમાં ડૂબેલો રહેતો હતો, એ દિવસો મેં પણ જોયા છે. મને બરાબર ખબર છે કે ભરૂચની કેવી દશા કરી મૂકી હતી? સામાન્ય માનવીને સૌથી પહેલાં સુરક્ષા અને સલામતી જોઈએ, જે ભાજપે આપી. એ વખતે ભરૂચ છોડીને જવું પડે એવા દિવસો હતા. આવતીકાલના ભવ્ય ભરૂચ માટે ભાજપને અભૂતપૂર્વ વિજય પ્રાપ્ત થાય એવું કરજો. એક જમાનો હતો, ગુજરાતમાં ૧૫ હજાર હેક્ટરમાં પણ ટપકસિંચાઈ પદ્ધતિ નહોતી. ગુજરાતમાં પહેલાં ૪૬ લાખ ટન દૂધનું ઉત્પાદન થતું હતું, જેમાં ત્રણ ગણો વધારો થયો છે. સાગરખેડૂની યોજનામાં સમુદ્રીતટની માછીમારોનો વિકાસ, જુવાનિયાઓની ટ્રેનિંગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. મત્સ્ય ઉદ્યોગનો ઘણો વિકાસ થયો છે. આદિવાસીઓના વિકાસ માટે અનેક પ્રયત્નો થયા છે, આદિવાસીઓને જમીનના હકો આપવાનું કામ ભાજપે કર્યું છે. જ્યાં નર્મદાની કેનાલ જાય છે, ત્યાં મોટા પાયા પર વાંસની ખેતી કરવી જોઈએ. આપણે એવી પરિસ્થિતિ હતી, એવો કાયદો હતો કે વાંસ ન ઉગાડાય. અગરબત્તી, પતંગઉગાડવા હોય તો બહારથી વાંસ મંગાવવું પડે. મહિના પહેલા જ આપણે નિયમ બદલ્યો, વાંસને વૃક્ષની જગ્યાએ ઘાસના વર્ગમાં મુક્યુ. જેથી આદિવાસી ખેડૂઓ વાંસ ઉગાડી તે જંગલમાંથી શહેરમાં વેચી શકે. કોંગ્રેસને ૭૦ વર્ષ સુધી એમને સમજ નથી પડી કે, વાંસને ઝાડ ન કહેવાય. એમના ભરોસે ગુજરાત આપી શકાય?

હું સાવ નાનો હતો. તેમણે એ વખતે કહ્યું હતું કે, પ એટલે પટેલ અને ક્ષ એટલે ક્ષત્રિય. એ વખતે બંને સમાજ ભેગા હતા અને એ વખતે કોંગ્રેસ પાર્ટી ચૂંટણીમાં સાફ થઈ ગઈ હતી. ૧૯૬૭ની ચૂંટણીમાં સામાજિક એક્તાને કારણે કોંગ્રેસ સામે ભયંકર પડકાર ઊભો થયો હતો અને તેમણે આ બંનેને છૂટા કરી નાંખ્યા હતા. પટેલના દિકરા સરદારના એક બોલ પર ગુજરાતના ક્ષત્રિય સમાજે પોતાના રાજ-રજવાડા દેશની એક્તાને સમર્પિત કરી દીધા હતા. એમાં જાતિવાદનું ઝેર ભેળવ્યું કોંગ્રેસે. એક વર્ષમાં ૧૦૦ હુલ્લડો થાય, એવા દિવસો ગુજરાતે જોયા છે. હવે આ ચૂંટણીમાં ગુજરાતના તાણા-વાણા કોઈ વીંખી ન નાંખે એ જોજો. ગુજરાતની યુવા પેઢીની આવતીકાલ ઉજળી થાય એ માટે આપણે એક રસ્તો પકડ્યો છે. આજે તમે મને દિલ્હીમાં બેસાડ્યો છે. ત્યારે તમારા બેય હાથમાં લાડવા છે. જેટલો વકરો એટલો નફો. દેશનો કોઈ વડાપ્રધાન સુરેન્દ્રનગરમાં આવી ૫૦ લોકોને નામથી બોલાવી શકે? હું બોલાવી શકું. તમે મને ગમે ત્યારે કંઈ પણ કહી શકો છો. ત્યારે એનો લાભ તમારે ચોક્કસ લેવો જોઈએ.'

## ઈન્દિરા વિશે મોદીની અસભ્ય ભાષા અપમાનજનક : પૃથ્વીરાજ ચૌહાણ

અમદાવાદ,તા.૩

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા પૃથ્વીરાજ ચૌહાણે આજે અમદાવાદ મુલાકાત દરમ્યાન વડાપ્રધાન મોદી અને ભાજપ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વ.ઈન્દિરા ગાંધી વિશે ગમે તેમ બોલી, જૂઠા આક્ષેપો કરી વાસ્તવમાં ગુજરાતની ગરિમાનું જ અપમાન કરી રહ્યા છે. સ્વર્ગસ્થ વ્યકિત માટે આ પ્રકારના ઉચ્ચારણો કરવા એ વડાપ્રધાન જેવા ઉચ્ચ પદ પર બેઠેલી વ્યકિતને શોભતુ નથી.

ભાજપ કોંગ્રેસ પાસેથી ૭૦ વર્ષના શાસનનો હિસાબ માંગે છે પરંતુ ભાજપ પહેલા એ જવાબ આપે કે, તેણે ગુજરાતમાં છેલ્લા ૨૨ વર્ષના શાસનમાં શું કર્યું? ગુજરાતમાં ભાજપના ૨૨ વર્ષના કુશાસનથી આજે પ્રજા ત્રસ્ત થઈ છે અને તેથી સત્તા પરિવર્તન થશે, કોંગ્રેસની જનતાની સરકાર બનશે.

કોંગ્રેસના સિનિયર નેતા પૃથ્વીરાજ ચૌહાણે વધુમાં જણાવ્યું હતું કે, ભાજપ અને તેના મુખ્યમંત્રી હારથી ગભરાઈ ગયા છે અને હતાશ થઈ ગયા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી ગુજરાતના લોકોનો વિશ્વાસ ગુમાવી ચૂકયા છે. મહિલા સુરક્ષા, શિક્ષણ, રોજગાર સહિતની બાબતોમાં ગુજરાત પાછળ ધકેલાઈ ગયું છે. મહારાષ્ટ્ર એ ગુજરાતનો નાનો ભાઈ છે, મહારાષ્ટ્રમાં તો ગઠબંધનની સરકાર હતી પરંતુ ગુજરાતમાં તો, છેલ્લા ૨૨ વર્ષોથી ભાજપની પોતાની સરકાર છે, છતાં પ્રજાના કામો કે લોકકલ્યાણના કાર્યો થયા નથી. પ્રજાએ જે વિશ્વાસ ભાજપ અને તેના નેતાઓ પર મૂકયો હતો તેમાં તેઓ ખરા ઉતર્યા નથી.

## કાર્યાલયોનું ઉદ્‌ઘાટન... ● ત્રીજા પાનાનું ચાલુ

લાલભાઈ ચૌધરી, આઈ.બી. વાઘેલા, કાળુસિંહ રાઠોડ, લલિતભાઈ યાદવ, શિલ્પા ઠાકોર, સરોજબેન ઠાકોર, નીતિન પટેલ, હિતેન્દ્ર પટેલ વગેરે મહાનુભાવો સહિત ભાજપના હોદ્દેદારો, કાર્યકરો, સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

કોંગ્રેસ પક્ષના કાર્યાલય ઉદ્‌ઘાટન પ્રસંગે જશુભા રાણા, રામાજી ઠાકોર, સૂર્યસિંહ ડાભી, અરવિંદસિંહ સોલંકી, એલ.એમ. પરમાર, યાકુબભાઈ મનસુરી સહિત કોંગ્રેસના મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આમ ઉદ્‌ઘાટન બાદ લેકાવાડા, આલમપુર, શિહોલી મોટી, દશેલા, ધરમપુર, લોકસંપર્ક દ્વારા પ્રચાર રાઉન્ડને શુભારંભ કર્યો હતો. આમ ચિલોડા ખાતે કાર્યાલયના ઉદ્‌ઘાટન સમારંભોથી ચૂંટણીનો માહોલનો ધમધમાટ આરંભાયો હતો.

## સવાલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચૂંટણીમાં ભાજપે ઈવીએમમાં છેડછાડ કર્યો હતો. નગરનિગમની ચૂંટણીમાં ઈવીએમ મશીનનો દૂરપયોગનો આરોપ લગાવતા માયાવતીએ કહ્યું આ વખતે પણ ભાજપે ઈવીએમ મશીનમાં છેડછાડ કરી ન હોત તો અમારા વધારે મેયર જીત્યા હોત.

માયાવાતીની જેમ અખિલેશ યાદવે પણ ભાજપ અને ઈવીએમનો મુદ્દો ઉઠાવ્યો હતો. અખિલેશે ટ્વિટ કરતા કહ્યું કે ભાજપ બેલેટ પેપર વિસ્તારમાં માત્ર ૧૫ ટકા બેઠક જીતી શક્યું છે પરંતુ ઈવીએમ વિસ્તારમાં જ ૪૬ ટકા બેઠક જીતી છે. આમ અખિલેશ પણ ભાજપની જીતને ઈવીએમ મશીન સાથે જોડે રહ્યા છે.

## સીધો સંવાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હુ કોંગ્રેસના ઉમેદવારને નવા નિશાળિયાની જેમ જ લઉં છુ. પરંતુ પ્રતિસ્પર્ધીને ક્યારેય કમજોર ન સમજવો જોઈએ. જીત માટે કોઈ કસર નહીં રાખીએ. ઠાકોર સેનાના ઉમેદવાર છે. પરંતુ સમાજ મનમુકીને સમર્થન નહીં આપે. પરંતુ જુના કાર્યકરો મારી પડખે ઉભા રહેશે. ગત વખતે ૮ હજારની લીડ હતી. ૩ લાખ ૩ હજાર મતદારો છે. આગામી પરિણામમાં મતોની પણ સરસાઈ વધશે.

**કોંગ્રેસમાંથી સેંધાજી ભાજપમાં જોડાયા તમારી ઉમેદવારીને કેટલો લાભ થશે?**

સેંધાજીના જોડાવાથી કોંગ્રેસના મત ઓછા થશે. અત્યાર સુધી ટીંટોડા ગામમાં બે ભાગ હતા જયારે સેંધાજીએ ભગવો ખેસ પહેરતા ગામ એક થઈ ગયુ છે. જે મતો સીધા મારા પોકેટમાં જશે.

**એકંદરે ચુંટણી પરિણામમાં કોને બહુમત મળશે શા માટે ?**

યુ પી ના પરિણામ બતાવે છે કે ગુજરાતમાં પણ ભાજપનો ભગવો લહેરાશે. ભાજપને ૧૫૦થી વધુ બેઠકો પર બહુમત મળશે ભાજપે વિકાસના કામો કર્યા છે. તેની નોંધ પ્રજાએ લીધી છે.

**પ્રચાર કેવા ચાલે છે..મતદારોનો પ્રતિસાદ કેવો છે ?**

હાઈટેક ચુંટણી પ્રચાર ચાલે છે. સોશિયલ મિડીયાનો વિશેષ ઉપયોગ થાય છે. વોટસ એપ અને ફેસબુકથી નહીં ફેસ ટુ ફેસ પ્રચાર કરુ છુ.

## રાહુલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પહોંચશે અને સાત વાગ્યે વઢવાણ ગવર્મેન્ટ સાયન્સ કોલેજ ખાતે વિશાળ જાહેરસભા સંબોધન કરશે અને સ્થાનિક લોકો તેમ જ મતદારોની સમસ્યાને વાચા આપશે. રાહુલ ગાંધી તા.૫મી ડિસેમ્બરની રાત્રિ સુરેન્દ્રનગર ખાતે જ રોકાણ કરશે. તાજેતરમાં સૌરાષ્ટ્રનો પ્રચાર કાર્યક્રમ પૂર્ણ કરી દિલ્હી પરત ફરેલા કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ત્રણ દિવસ દરમ્યાન તેમની ગુજરાત મુલાકાત અને પ્રચારસભાઓ તેમ જ લોકસંવાદ દરમ્યાન સ્થાનિક જનતા, મતદારો ખાસ કરીને મહિલાઓ, ખેડૂતો અને યુવાઓની વ્યથા સાંભળશે. આ વખતે પણ રાહુલ ફરી એકવાર નોટબંધી, જીએસટી, બેરોજગારી સહિતના મુદ્દાઓને લઈને મોદી સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કરે તેવી શકયતા છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસ પક્ષના પ્રચાર-પ્રસાર માટે કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ગુજરાતના મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર ઝોનમાં ચૂંટણી પ્રવાસ ખેડી જાહેરસભાઓ, લોકસંવાદ અને વન ટુ વન લોકોને મળી કોંગ્રેસ તરફી ભારે લોકજુવાળ ઉભો કર્યો છે.

આ વખતના રાહુલ ગાંધીના ચૂંટણી પ્રવાસને અભૂતપૂર્વ અને જબરદસ્ત પ્રતિસાદ અને સફળતા સાંપડયા હતા, તે તેમની જાહેરસભા અને રોડ શોમાં સ્વયંભુ ઉમટેલી જનમેદની પરથી જ સ્પષ્ટ થઈ જતું હતું. જેથી કોંગ્રેસે રાહુલ ગાંધીની વધતી જતી લોકપ્રિયતા અને ગુજરાતમાં તેમના પ્રચારની સફળતા બાદ ભાજપને પણ મોદી સહિતના મોટા સ્ટાર પ્રચારકો રણમેદાને ઉતારવા પડયા છે.